1. જનસમુદાયમાં બુદ્ધિલબ્ધિના વગીકરણના આલેખને અન્ય કયા નામથી ઓળખવામાં આવે છે?
➢ જનસમુદાયમાં બુદ્ધિલબ્ધિના વગીકરણના આલેખને સામાન્ય સંભવિતતા આલેખના નામથી ઓળખવામાં આવે છે.

2. બદ્ધિ અંગેનો વિઘટક સિદ્ધાંત કોણે રજૂ કર્યો?
➢ બુદ્ધિ અંગેનો દ્વિઘટક સિદ્ધાંત બ્રિટનના મનોવૈજ્ઞાનિક પાર્લ્સ સ્પિયરમેને રજૂ કર્યો.

3. કયા પ્રકારની બુદ્ધિમાં અમૂર્ત અને વિશ્લેષણાત્મક રીતે વિચારવાની શક્તિ રહેલી હોય છે?
➢ ઘટકીય બદ્ધિમાં અમૂર્ત અને વિશ્લેષણાત્મક રીતે વિચારવાની શક્તિ રહેલી હોય છે.

4. ગિલ્ફર્ડ દર્શાવેલ સિદ્ધાંતને ક્યા સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે?
➢ ગિફટૅ દશર્વિલ સિદ્ધાંતને "ત્રિપરિમાણાત્મક" સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે.

5. ચેતામનોવૈજ્ઞાનિક દષ્ટિકોણને આધારે બુદ્ધિનો સિદ્ધાંત કોણે દર્શાવ્યો છે?
➢ ચેતામનોવૈજ્ઞાનિક દષ્ટિકોણને આધારે બુદ્ધિનો સિદ્ધાંત જગન્નાથપ્રસાદ દાસ (જે. પી. દાસ) અને તેમના સાથીદારોએ દર્શાવ્યો છે.

6. બુદ્ધિઆંકને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે?
➢ બુદ્ધિઆંકને 'બુદ્ધિલબ્ધિ' ના નામથી ઓળખવામાં આવે છે.

7. વ્યક્તિગત બુદ્ધિકસોટી કોને કહે છે?
➢ એક જ સમયે એકસાથે એક જ વ્યક્તિને આપી શકાય તેવી કસોટીને 'વ્યક્તિગત બુદ્ધિકસોટી' કહે છે.

8. શાબ્દિક કસોટી કોને કહે છે?
➢ જે કસોટીમાં માત્ર લેખિત પ્રશ્નો હોય અને એના જવાબો માત્ર લેખિત સ્વરૂપે જ આપવાના હોય તેને 'શાબ્દિક કસોટી' કહે છે.

9. RPM નું પૂરું નામ જણાવો.
➢ 'RPM'નું પૂરું નામ 'રેવન્સ પ્રોગ્રેસિવ મેટ્રિક્સ '(Raven's Progressive Matrices)'

10. પ્રતિભાસંપન્ન બાળકનો બુદ્ધિઆંક કેટલો હોય છે?
➢ પ્રતિભાસંપન્ન બાળકનો બુદ્ધિઆંક 130થી વધુ હોય છે.

11. બીને અને સાયમને આપેલી બુદ્ધિની વ્યાખ્યા જણાવો ?

- બીને અને સાયમનના મતે, "બુદ્ધિ એટલે સારી રીતે સમજવાની, સારી રીતે નિર્ણય લેવાની અને સારી રીતે તર્ક કરવાની શક્તિ ."

12. ટર્મને આપેલી બુદ્ધિની વ્યાખ્યા જણાવો ?

- ટર્મનના મતે, "વ્યક્તિ જેટલા પ્રમાણમાં અમૂર્ત રીતે વિચારવાની શક્તિ ધરાવતી હોય તેટલા પ્રમાણમાં તે બુદ્ધિમાન હોય છે."

13. વેક્સલરે આપેલી બુદ્ધિની વ્યાખ્યા જણાવો ?

- વેક્સલરના મતે, "બુદ્ધિ એટલે વ્યક્તિની એવી સમગ્રલક્ષી શક્તિ જેને લીધે તે ધ્યેયપૂર્વક કાર્ય કરી શકે. તાર્કિક રીતે વિચારી શકે અને પર્યાવરણ સાથે અસરકારક રીતે વ્યવહાર કરી શકે."

14. ગાર્ડનને આપેલી બુદ્ધિની વ્યાખ્યા જણાવો ?

- "ગાર્ડનરના મતે, બુદ્ધિ એટલે કે એક કે વધારે સાંસ્કૃતિક પરિવેશોમાં મહત્ત્વની ગણાતી સમસ્યાઓને ઉકેલવાની કે મૂલ્યવાન વસ્તુઓનું નિર્માણ કરવાની શક્તિ કે કુશળતા."

15. સ્ટર્નબર્ગે આપેલી બુદ્ધિની વ્યાખ્યા જણાવો ?

- "અર્નબર્ગના મતે, "બુદ્ધિ એટલે પર્યાવરણના કોઈ પણ સંદર્ભ સાથે અનુ ક્લન કરવા માટે અથવા તેને ઘાટ આપવા માટે અથવા તેને પસંદ કરવા માટે જરૂરી માનસિક શક્તિઓ."

16. ભાષાકીય બુદ્ધિ કેવાં કાર્યોમાં સક્રિય હોય છે?

- ભાષાકીય બુદ્ધિ કથન, શ્રવણ, વાચન, લેખન, ભાષાને સમજવી વગેરે જેવાં કાર્યોમાં સક્રિય હોય છે.

17. ભાષાકીય બુદ્ધિ કઈ વ્યક્તિઓના કાર્યોમાં પ્રગટ થાય છે?

- ભાષાકીય બુદ્ધિ લેખકો, સાહિત્યકારો, વર્તમાનપત્રો અને સામયિકોના તંત્રીઓ, વેચાણ કારો, ઉદ્દ્ઘોષકો વગેરેનાં કાર્યોમાં પ્રગટ થાય છે.

18. તાર્કિક-ગાણિતિક બુદ્ધિ કેવી વ્યક્તિઓમાં વધારે હોય છે?

- તાર્કિક-ગાણિતિક બુદ્ધિ તર્કશાસ્ત્રીઓ, વકીલો, ન્યાયાધીશો, ગુનાશોધકો, વૈજ્ઞાનિકો, આ કડાશાસ્ત્રીઓ અને હિસાબનીશોમાં વધારે હોય છે.

19. અવકાશીય બુદ્ધિ કોનામાં વધુ હોવી જરૂરી છે?

- અવકાશીય બુદ્ધિ આગગાડી, મોટર, વહાણ, વિમાન વગેરે ચલાવનારાઓ, ચિત્રકારો, શિલ્પીઓ, સ્થપતિઓ, ઇજનેરો, શસ્ત્રક્રિયા કરનારાઓ અને કેટલાક કારીગરોમાં વધુ હોવી જરૂરી છે.

## 20. દૈહિક-શરીરગતિલક્ષી બુદ્ધિ કોનામાં વધુ હોવી જરૂરી છે?

- દૈહિક-શરીરગતિલક્ષી બુદ્ધિ ખેલાડીઓ , રમતવીરો, હસ્તકલાના કારીગરો, શસ્ત્રક્રિયા કરનારાઓ, નૃત્યકારો અને અભિનેતાઓમાં વધુ હોવી જરૂરી છે.

## 21. આંતરવૈયક્તિક બુદ્ધિ કયા પ્રકારનાં કાર્યોમાં ઉપયોગી છે?

- આંતરવૈયક્તિક બુદ્ધિ અન્ય વ્યક્તિઓનાં સ્વભાવ, ટેવો, ગમા-અણગમા, મનોવલણો, લાગણીઓ, આવેગો, પ્રેરકો અને વ્યક્તિત્વને સમજવામાં ઉપયોગી છે.

## 22. કેવી વ્યક્તિઓમાં આંતરવૈયક્તિક બુદ્ધિ વધુ હોવી તે જરૂરી છે?

- શિક્ષકો, વેચાણ કારો, રાજકારણીઓ, સામાજિક કાર્યકરો, ધર્મગુરુઓ વગેરેમાં આંતરવૈયક્તિક બુદ્ધિ વધુ હોવી જરૂરી છે.

## 23. સાંગીતિક બુદ્ધિ કેવી વ્યક્તિઓમાં વધારે હોવી જોઈએ?

- સાંગીતિક બુદ્ધિ ગાયકો, વાદકો, સ્વરરચના કરનારાઓ, સંગીત નિર્દેશ કો તેમજ સંગીતને માણનાર વ્યક્તિઓમાં વધારે હોવી જોઈએ.

## 24. સાંગીતિક બુદ્ધિનો ઉપયોગ ક્યાં થાય છે?

- સાંગીતિક બુદ્ધિનો ઉપયોગ અવાજની બલંદી, સ્વરકક્ષા અને જુદી જુદી વ્યક્તિઓના કે વાજિંત્રોના વિશિષ્ટ સ્વરોને ઓળખવામાં થાય છે.

## 25. વ્યક્તિ અંતર્ગત બુદ્ધિ કેવાં કાર્યોમાં ઉપયોગી બને છે?

- વ્યક્તિ અંતર્ગત બુદ્ધિ વડે વ્યક્તિ પોતાની જાત વિશે સમજ મેળવી શકે છે અને તાદાત્મની લાગણી અનુભવી શકે છે. આ પ્રકારની બુદ્ધિ તિરસઝમાં રેમને સ્વ- વિષ્કાર માં ઉપયોગી બને છે.

## 26. નૈસર્ગિક બુદ્ધિનો ઉપયોગ કેવાં કાર્યોમાં થાય છે?

- નૈસર્ગિક બુદ્ધિનો ઉપયોગ કુદરતમાં જોવા મળતા પદાર્થો, વિવિધ પ્રાણીજાતિઓ, જાતજાતની વનસ્પતિઓ અને વિવિધ કુદરતી. ઘટનાઓ વચ્ચેનો તફાવત પારખવામાં થાય છે.

## 27. નૈસર્ગિક બુદ્ધિ કઈ વ્યક્તિઓમાં વધારે હોય છે?

- નૈસર્ગિક બુદ્ધિ ખેડૂતો, પશુપાલકો, શિકારીઓ, વનપ્રવાસીઓ, વનઅધિકારીઓ તેમજ જીવવિજ્ઞાન અને વનસ્પતિશાસ્ત્રના વિદ્યાર્થીઓમાં વધારે હોય છે.

28. માનસિક વય એટલે શું?

- માનસિક વય એટલે વ્યક્તિ જે પર્યાવરણમાં રહે છે તેના સંબંધમાં તેના માનસિક વિકાસની કક્ષા.

29. માનસિક વય કઈ રીતે ગણવામાં આવે છે?

- કસોટીના સાચા ઉત્તરદીઠ બે માસની માનસિક વય ગણવામાં આવે છે. આ રીતે સાચા ઉત્તરો માટે મળેલા માનસિક વયના મહિનાઓનો સરવાળો એ વ્યક્તિની માનસિક વય ગણાય છે.

30. બુદ્ધિઆંક શોધવાનું સૂત્ર જણાવો.

- બુદ્ધિઆંક મમાનસિક વયત્રૠ/મ શારીરિક વય }×100

31. શારીરિક વય એટલે શું?

- જન્મતારીખ પ્રમાણે ગણતાં થતી બાળકની વયને શારીરિક વય કહેવાય.

32. વ્યક્તિગત કસોટી કોને કહેવાય ?

- જે બુદ્ધિકસોટી એક સમયે એક જ વ્યક્તિને આપી શકાય તેને વ્યક્તિગત કસોટી કહેવાય.

33. સમૂહ કસોટી કોને કહેવાય?

- જે બુદ્ધિકસોટી એક સમયે એકસાથે સેંકડો વ્યક્તિને આપી શકાય તેને સમૂહું કસોટી કહેવાય.

34. શાબ્દિક કસોટી કોને કહેવાય?

- જે કસોટીમાં માત્ર લેખિત પ્રશ્નો હોય અને જેના લેખિત ઉત્તરો આપવાના હોય તેને શાબ્દિક કસોટી કહેવાય.

35. અશાબ્દિક કે ક્રિયાત્મક કસોટી કોને કહેવાય?

- જે કસોટીમાં ચિત્રો વડે કે કોઈ કાર્ય કરવાનું સોંપીને બુદ્ધિ મપાય અને શબ્દોનો ઓછામાં ઓછો ઉપયોગ થાય તેને અશાબ્દિક કે ક્રિયાત્મક કસોટી કહેવાય.

36. પહેલી વ્યક્તિગત બુદ્ધિકસોટી કોણે રચી હતી ? ક્યારે અને કઈ ભાષામાં?

- બીને અને સાયમને પહેલી વ્યક્તિગત બુદ્ધિ કસોટી ફ્રેંચ ભાષામાં ઈ. સ. 1905માં રચી હતી.

37. સ્ટેનફર્ડ બીને કસોટીની રચના કોણે કરી હતી ?

- અમેરિકાની સ્ટેનફર્ડ યુનિવર્સિટીના પ્રો. ટર્મને સ્ટેનફર્ડ - બીને કસોટીની રચના કરી હતી.

38. સ્ટેનફર્ડ બીને કસોટીના ઈ. સ. 1986ના સંસ્કરણમાં કયા વિશિષ્ટ આંકો મળે છે ?

- ➢ સ્ટેનફર્ડ બીને કસોટીના ઈ. સ. 1986ના સંસ્કરણમાં વિશિષ્ટ આંકો આ મુજબ મળે છે :
  - ✓ (1) શાબ્દિક તર્ક,
  - ✓ (2) સંખ્યાત્મક તક,
  - ✓ (3) અમૂર્ત દશ્ય તર્ક અને
  - ✓ (4) અલ્પકાલીન સ્મૃતિ.

39. કઈ વ્યક્તિને સંપન્ન (Gifted) કહેવામાં આવે છે?

- ➢ અનુવંશથી જ ઉચ્ચ બુદ્ધિ કે અપવાદરૂપ માનસિક શક્તિ ધરાવનાર વ્યક્તિને સંપન્ન (Gifted) કહેવામાં આવે છે.

40. ક્યા ક્ષેત્રમાં પ્રયોજાતી ઉચ્ચ શક્તિ તરીકે પ્રતિભાસંપન્નતાની વ્યાખ્યા કરવામાં આવે છે ?

- ➢ માનવજીવન અને પ્રયત્નના કોઈ પણ અર્થપૂર્ણ બોધાત્મક અથવા નૈતિક, શારીરિક, આવેગિક, સામાજિક કે સૌંદર્યલક્ષી જેવા ક્ષેત્રમાં પ્રયોજાતી ઉચ્ચ શક્તિ તરીકે પ્રતિભાસંપન્નતાની વ્યાખ્યા કરવામાં આવે છે.

41. પ્રતિભાસંપન્નતા કયા ત્રણ ઘટકોની આંતરક્રિયા પર અવલંબે છે ?

- ➢ જોસેફ રેનઝલના મતે પ્રતિભાસંપન્નતા ત્રણ ઘટકોની આંતરક્રિયા પર અવલંબે છે :
  - ✓ (1) ઉચ્ચ બુદ્ધિ,
  - ✓ (2) ઉચ્ચ સર્જકતા અને
  - ✓ (3) ઉચ્ચ પ્રેરણા.